# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

શનિવાર ૩૦ મે, ૨૦૨૬



‘ઇન્ચાર્જ’ શાસનથી તંત્ર ખાડે ગયું | નડિયાદ કાગળ પર ‘મહાનગર’ જેવો દબદબો, પણ વહીવટમાં ‘લાચાર’

# નડિયાદ મનપામાં ૩૦૬ જગ્યા મંજૂર છતાં ભરતી ન થતાં વહીવટ ડખળાયો !

**ટેકનિકલ સ્ટાફના** અભાવે નવા હોદ્દેદારોના વિકાસના સપનાઓ રોળાય તેવી ભીતિ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯

નડિયાદને નગરપાલિકામાંથી મહાનગરપાલિકાનો દરજ્જો તો આપી દેવામાં આવ્યો છે, પરંતુ પાયાની જરૂરિયાત એવા સ્ટાફના અભાવે હાલમાં આ ‘મહાનગર’નું ગાડું ગબડતું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. રાજ્ય સરકાર દ્વારા મહાનગરપાલિકા માટે વિવિધ કેડરના કુલ ૩૦૬ પદોનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું હોવા છતાં, હજુ સુધી એક પણ પદ પર કાયમી ભરતી કરવામાં આવી નથી. પરિણામે, અન્ય કચેરીઓના અધિકારીઓને માત્ર ચાર્જ સોંપીને વહીવટ ચલાવવામાં આવી રહ્યો છે, જેના કારણે પ્રજાના કામો અટવાઈ પડ્યા છે.

નડિયાદ મનપામાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન સહિતની નવી બોડી સત્તારૂઢ થઈ છે. આ નવી પાંખે શહેરના વિકાસ માટે અનેક સપનાઓ જોયા છે, પરંતુ સ્ટાફ વિના આ સપનાઓ સાકાર કરવા ‘લોઢાના ચણા ચાવવા’ સમાન સાબિત થશે. પૂરતા અધિકારીઓ અને કર્મચારીઓના અભાવે માત્ર નવા વિકાસ કાર્યો જ મંથર ગતિએ ચાલશે એવું નથી, પરંતુ હાલમાં ચાલી રહેલા કામો પર યોગ્ય દેખરેખ રાખવી પણ શાસકો માટે મુશ્કેલ બની જશે. સ્ટાફની આ તંગીને કારણે શહેરીજનોને પાયાની પ્રાથમિક સુવિધાઓ પણ સમયસર મળી રહી નથી.

નડિયાદના હિતમાં અને શહેરના સુવ્યવસ્થિત વિકાસ માટે રાજ્ય સરકાર આ ગંભીર બાબતની નોંધ લે તે અત્યંત જરૂરી છે. જો તાકીદે મંજૂર થયેલા મહેકમ મુજબ કાયમી અને પૂર્ણ સ્ટાફની ભરતી કરવામાં નહીં આવે, તો મહાનગરપાલિકાનો દરજ્જો માત્ર કાગળ પર જ રહી જશે અને શહેરનો વિકાસ રૂંધાશે.

### એન્જિનિયરિંગ-ટીપીવિભાગનીહાલતકફોડી

નડિયાદ મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનિંગ અને એન્જિનિયરિંગ વિભાગમાં ટેકનિકલ અને અનુભવી સ્ટાફનો ભારે દુષ્કાળ જોવા મળી રહ્યો છે. લાયકાત ધરાવતા અધિકારીઓ ન હોવાથી નવી ટીપી સ્કીમ ખોલવા જેવી મહત્વની કામગીરીમાં અસહ્ય વિલંબ થઈ રહ્યો છે. બીજી તરફ, ચૂંટણી પહેલા અનેક વિકાસ કામોના ખાતમુહૂર્ત તો કરી દેવાયા છે, પરંતુ તેની પર દેખરેખ રાખવા માટે પૂરતો ટેકનિકલ સ્ટાફ નથી. આ સ્થિતિનો લાભ લઈને કોન્ટ્રાક્ટરો બેફામ બન્યા છે અને દેખરેખના અભાવે કામની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થો ઉભા થઈ રહ્યા છે.

### મનપામાં૩૦૬ખાલીપદોસામેમાત્ર૨૭નીભરતી

‘ઊંટના મોઢામાં જીરું’ એક તરફ આખી મહાનગરપાલિકા ૩૦૬ ખાલી જગ્યાઓ સાથે વહીવટી લાચારી ભોગવી રહી છે, ત્યારે બીજી તરફ રાજ્ય સરકારે તાજેતરમાં માત્ર ૨૭ પદો (વર્ગ-૧ અને વર્ગ-૨) માટે જ ભરતી જાહેર કરી છે. આટલી નજીવી સંખ્યામાં થનારી નિમણૂકથી મનપાના વિશાળ વહીવટી માળખામાં કોઈ મોટો સુધારો થવાની શક્યતા નહિવત જણાઈ રહી છે.

ગળતેશ્વરના ખાખરીયા ગામની સીમમાં બનેલા બનાવનો ચુકાદો

# પ્રેમિકાની હત્યા કરી દાગીના લૂંટનાર પ્રેમીને આજીવન કેદ

**અન્ય જગ્યાએ લગ્ન** નક્કી થતા બાધારૂપ બનવાના ડરથી કરપીણ હત્યા કરી હતી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯

ગળતેશ્વર તાલુકાના ખાખરીયા ગામની સીમમાં પોતાની પ્રેમિકાને એક્ટિવા પર બેસાડી લઈ જઈ, લોખંડના પાટાના ઘા ઝીંકી ક્રૂર હત્યા કરવાના કેસમાં નડિયાદ સેશન્સ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટે આરોપી મણીલાલ ચૌહાણને દોષિત ઠેરવી આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો છે.

ગળતેશ્વરના કૂણી ગામના મણીલાલ ચૌહાણને રમીલાબેન ઉર્ફે મધીબેન સાથે પ્રેમસંબંધ હતો. રમીલાબેને મણીલાલને ઉછીના નાણાં આપ્યા હતા, જે મણીલાલ પરત કરવા માંગતો ન હતો. બીજી તરફ, મણીલાલના લગ્ન અન્ય જગ્યાએ નક્કી થયા હોવાથી રમીલાબેન તેમાં અડચણ ઉભી કરશે તેવા ડરથી તેણે હત્યાનું પૂર્વ આયોજન કર્યું હતું. આરોપીએ રમીલાબેનને મળવા બોલાવી, ખાખરીયાની સીમમાં નિર્જન સ્થળે લઈ જઈ લોખંડના પાટા વડે મોઢા અને માથાના ભાગે જીવલેણ ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા હતા.

આ હત્યા બાદ આરોપીએ મૃતકના શરીર પરથી દાગીના અને મોબાઈલની લૂંટ ચલાવી તે બજારમાં વેચી દીધા હતા. ગુનાના પુરાવા મટાડવા માટે તેણે હત્યામાં વપરાયેલ લોખંડનો પાટો નર્મદા કેનાલમાં ફેંકી દીધો હતો. આ મામલે સેવાલિયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

નડિયાદના બીજા એડિશનલ સેશન્સ જજ પી. પી. પુરોહિતની કોર્ટમાં આ કેસ ચાલતા, સરકારી વકીલ પ્રેમ આર. તિવારીએ 43 દસ્તાવેજી પુરાવા અને 29 સાહેદોની જુબાની રજૂ કરી હતી. પુરાવાઓને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને હત્યાના ગુનામાં આજીવન કેદ અને રૂ. 5000નો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત, પુરાવાનો નાશ કરવા બદલ 5 વર્ષ અને લૂંટના ગુનામાં 3 વર્ષની કેદની સજાનો પણ હુકમ કર્યો છે.

# આણંદમાં બે તસ્કર ઝબ્બે બે ચોરીનો ભેદ ઉકેલાયો

**કાસોર અને બેચરી** વાંટામાં થયેલી રૂ. ૭.૫૦ લાખથી વધુની ચોરીનો ભેદ ઉકેલાયો

(પ્રતિનિધિ) આણંદ તા. ૨૯

આણંદ જિલ્લામાં મિલ્કત વિરૂદ્ધના ગુનાઓ અટકાવવા માટે સક્રિય લોકલ ક્રાઈમ બ્રાન્ચએ સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સના આધારે તપાસ કરી ઘરફોડ ચોરી આચરતી ગેંગના બે સાગરીતોને દબોચી લીધા છે.

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચે સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે ખેડા જિલ્લાના ઉંદરા ગામના રીઢા ગુનેગાર ભલાભાઈ ઉર્ફે ભોલીયો તળપદાને ઝડપી પાડ્યો હતો. તેની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે તેણે અમદાવાદના વટવા વિસ્તારના પ્રકાશ ઉર્ફે બકા અને નેપાળી મૂળના જગદીશકુમાર ઉર્ફે ગુરખા સાથે મળીને ચોરીઓ કરી હતી. આ કબુલાત આધારે પોલીસે અમદાવાદથી પ્રકાશ ઉર્ફે બકાની પણ ધરપકડ કરી છે, જ્યારે જગદીશકુમાર હજુ ફરાર છે.

આ તસ્કરોની પૂછપરછ કરતાં ગત જાન્યુઆરી માસમાં કાસોર ગામે એક બંધ ઘરના તાળા તોડી રૂ. ૩.૪૪ લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી હોવાની કબૂલાત કરી છે. આ ઉપરાંત, માર્ચ મહિનામાં ઉમરેઠના બેચરી વાંટામાં એક ઘર અને દુકાનમાંથી કુલ રૂ. ૪.૧૧ લાખની મત્તા ચોરી હોવાનું કબુલાત કરતાં ભાલેજ પોલીસને હવાલે કર્યા હતાં.જ્યા રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે, ભલાભાઈ તળપદા વિરૂદ્ધ અગાઉ કઠલાલ, નડીયાદ, મહુધા, ભાલેજ અને ઉમરેઠ પોલીસ સ્ટેશનોમાં ઘરફોડ ચોરી અને લૂંટ સહિતના ૧૯થી વધુ ગુના નોંધાયેલા છે.

નેશનલ હાઈવે પર શેરડીનો રસ પીતા પરિવાર પર કાળ બની કાર ત્રાટકી

# આણંદમાં કાર ચાલક ડીવાયએસપીએ અકસ્માત સર્જતા બે જણના કરુણ મોત

**માતાજીના દર્શન કરી** પરત ફરતા શ્રમિક પરિવારની ખુશીઓ માતમમાં ફેરવાઈ



(પ્રતિનિધિ) આણંદ, તા.૨૯

આણંદના વાસદ પોલીસ મથકની હદમાં નેશનલ હાઈવે નં. 48 પર આવેલા અડાસ બ્રિજ નજીક એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. દર્શન કરીને પરત ફરી રહેલો એક પરિવાર હાઈવે પર વિસામો લેવા અને શેરડીનો રસ પીવા ઉભો રહ્યો હતો, ત્યારે બેફામ ઝડપે આવતી કારની ટક્કરે 2ના મોત નિપજ્યાં હતાં.

અમદાવાદના મણીનગરમાં રહેતા સંજયભાઈ મણીલાલ ડોડીયા તેમના પરિવાર અને સંબંધીઓ સાથે અનગઢ ખાતે માતાજીના દર્શન કરીને પરત ફરી રહ્યા હતા. બપોરે આશરે સાડા ત્રણ વાગ્યાના સુમારે તેઓ અડાસ બ્રિજ પાસે રાજવી હોટલ નજીક શેરડીનો રસ પીવા ઉભા રહ્યા હતા. આ દરમિયાન વડોદરાથી અમદાવાદ તરફ જતી એક લાલ રંગની ફોરવ્હીલ ગાડીના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા કાર સીધી જ શેરડીના ચીચોડા પાસે ઉભેલા લોકોમાં ઘુસી ગઈ હતી.

આ ભયાનક અકસ્માતમાં સંજયભાઈ ડોડીયા અને ત્યાં ઉભેલા ખંભોળજના વતની શીતલબેન પરેશભાઈ તળપદાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ ઉપરાંત માહી સહિત અન્ય બે વ્યક્તિ, મનોજભાઈ કટારા અને કચરાભાઈ બારીયાને પણ શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ અંગે પ્રાથમિક તપાસમાં અકસ્માત સર્જનાર કાર ચાલક બોટાદના નાયબ પોલીસ અધિક્ષક એ.એ. સૈયદ હોવાનું બહાર આવ્યું છે. આ અકસ્માતમાં તેમને પણ ઈજા પહોંચી હોવાથી વડોદરાની હોસ્પિટલમાં ખસેડાયા હતા. જોકે, ઈજાગ્રસ્ત હોવા છતાં તેઓએ ત્વરિત 108ની ટીમને બોલાવી ઈજાગ્રસ્તોને સારવાર મળે તેવા પ્રયાસ કરી માનવતા દાખવી હતી. હાલ વાસદ પોલીસે ચેતનાબેન ડોડીયાની ફરિયાદના આધારે કાર્યવાહી હાથ ધરી છે.

# આણંદમાં કિશોર પર તીક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો

**બાઇક ગરનાળામાં** નાખી દેવા બાબતે કિશોરના પેટ અને પીઠમાં ઘા ઝીંકાયા

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯


આણંદ શહેરના હાજી કોર્નર પાસે જાહેર રોડ પર મોટર સાયકલ ગરનાળામાં નાખી દેવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલીમાં કિશોર પર લોખંડની અણીદાર વસ્તુ (ફોકર) વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના બની છે.

આણંદના અમન હાઈટ્સમાં રહેતા અનવરભાઈ પાયણાનો ૧૬ વર્ષીય પુત્ર તનવીર ગત ૨૪મી મેના રોજ રાત્રે ભડીયાદ પિરની દરગાહથી પરત ફરી રહ્યો હતો. તે દરમિયાન ઉમરીનગરના મોહંમદરીઝવાન મોયુનીદ્દીન સૈયદ નામના શખ્સે તેને ફોન કરી જણાવ્યું હતું કે, તારૂ મોટર સાયકલ ગરનાળામાં નાખી દીધેલ છે, તું જલ્દી આય.

આથી, રાત્રે સાડા બારેક વાગ્યાની આસપાસ તનવીર હાજી કોર્નર પાસે પહોંચ્યો, જ્યાં તેનું બાઈક પાર્ક કરેલું હતું. તનવીરે ત્યાં હાજર રીઝવાનને શાંતિથી પૂછ્યું કે, મારૂ મોટર સાયકલ કેમ ગરનાળામાં નાખી દીધું? આ સાંભળતા જ ઉશ્કેરાયેલા રીઝવાને તનવીરની ફેંટ પકડી માર મારવાનું શરૂ કર્યું હતું. આ ઝઘડો ઉગ્ર બનતાં રીઝવાને તેના હાથમાં રહેલી ફોકર જેવી તીક્ષ્ણ વસ્તુ તનવીરના પેટ અને પીઠના ભાગે આડેધડ મારી દેતા ગંભીર ઈજા પહોંચી હતી. આથી, તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડ્યો હતો. આ મામલે આણંદ ટાઉન પોલીસે હુમલાખોર મોહંમદરીઝવાન સૈયદ સામે ગુનો નોંધ્યો હતો.

# બોરસદ તાલુકા પં.ના સભ્યના નામે નિમંત્રણ મોકલી મોબાઈલ હેંગ કર્યો

**વોટ્સએપ યુઝર્સ દ્વારા** APK ફાઈલ ઓપન કરતાં તેમના મોબાઈલ હેક થઈ જવાના બનાવો




(પ્રતિનિધિ) બોરસદ તા ૨૯

બોરસદ તાલુકા પંચાયતની જંત્રાલ બેઠકના ભાજપના સભ્ય અમરસિંહ સોલંકીના મોબાઈલ નંબર પરથી મધ્યરાત્રિના લગભગ બે વાગ્યાના આસપાસ પાંચસો કરતાં વધુ મોબાઈલ નંબર પર શંકાસ્પદ APK ફાઈલ સાથે વોટ્સએપ મેસેજ મોકલાતા ચકચાર મચી ગઈ હતી.

મેસેજમાં આગામી સાતમી જૂનના રોજ યોજાનારા લગ્ન પ્રસંગે ઉપસ્થિત રહેવા માટે નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું અને વધુ માહિતી જાણવા APK ફાઈલ ખોલવા જણાવાયું હતું. શરૂઆતમાં ઘણા લોકો આ મેસેજને સાચું માની બેઠા હતા, પરંતુ કેટલાક વોટ્સએપ યુઝર્સ દ્વારા APK ફાઈલ ઓપન કરતાં તેમના મોબાઈલ હેક થઈ જવાના બનાવો સામે આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

વોટ્સએપ પર ખોટા મેસેજ અંગે જાણકારી મળતા જ અમરસિંહ સોલંકીએ સમયસૂચકતા દાખવી પોતાની સાથે સંકળાયેલા શક્ય તેટલા મોબાઈલ ધારકોનો સંપર્ક કર્યો હતો અને આ પ્રકારનું કોઈ લગ્ન નિમંત્રણ કે પ્રસંગનું આયોજન ન હોવાનું સ્પષ્ટ કરીને APK ફાઈલ તરત જ ડિલિટ કરવાની અપીલ કરી હતી.

સાયબર નિષ્ણાતોના જણાવ્યા મુજબ APK ફાઈલ દ્વારા મોબાઈલમાં ખતરનાક સોફ્ટવેર ઈન્સ્ટોલ થઈ શકે છે, જેના કારણે બેંકિંગ માહિતી, OTP, ફોટા, સંપર્ક નંબર અને વ્યક્તિગત ડેટા ચોરી થવાની શક્યતા રહે છે. કેટલીક વખત ઠગો મોબાઈલનો સંપૂર્ણ કંટ્રોલ મેળવી વોટ્સએપ તથા અન્ય સોશિયલ મીડિયા મારફતે વધુ લોકોને ફસાવવાનો પ્રયાસ કરતા હોય છે.

આથી, અમરસિંહ સોલંકીએ કોઈપણ અજાણી APK ફાઈલ ન ખોલવા અપીલ કરી છે.

# કડાણા : વેપારીના ખાતામાંથી 60 હજારની ઓનલાઈન લૂંટ

**સાયબર ઠગે વેપારીનો** ફોન હેંગ કરી ‘મિસ્ટર મહાવીર’ નામે નાણાં પડાવ્યા

(પ્રતિનિધિ) લુણાવાડા તા. ૨૯

કડાણા તાલુકાના દીવડા કોલોનીમાં સાયબર ક્રાઈમની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. નોનવેજની દુકાન ચલાવતા વેપારી રઉફભાઈ ખાટકીનો સ્માર્ટફોન અચાનક હેંગ કરી, ગુગલ અપડેટના બહાને તેમના બેંક ખાતામાંથી 60,000 ની ઓનલાઈન ઉઠાંતરી કરવામાં આવી છે. આ ઘટના બાદ સાયબર ઠગે વેપારીને વીડિયો કોલ કરી ધમકાવતા પંથકમાં ચકચાર મચી ગઈ છે.

કડાણાના દીવડા કોલોનીમાં રહેતા રઉફભાઈ ગત 13મી ફેબ્રુઆરીના રોજ પોતાની દુકાને હતા ત્યારે તેમનો મોબાઈલ અચાનક હેંગ થઈ ગયો હતો અને સ્ક્રીન પર ‘ગુગલ અપડેટ’ લખેલું આવતા ટચ કામ કરતો બંધ થઈ ગયો હતો. શંકા જતાં વેપારીએ સીમકાર્ડ બીજા ફોનમાં નાખીને ચેક કરતા માલુમ પડ્યું કે ‘Mr MAHAVEER’ નામના કોઈ અજ્ઞાત યુપીઆઈ આઈડી પર તેમના ખાતામાંથી 60,000 ટ્રાન્સફર થઈ ચૂક્યા હતા.

જ્યારે વેપારીએ તે નંબર પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે ઠગે વોટ્સએપ વીડિયો કોલ કરી, પોતાનું મોઢું છુપાવીને વેપારી પાસે ફરીથી યુપીઆઈ સ્કેનરની માંગણી કરી ધમકાવ્યા હતા. આ બાબતે વેપારીએ છેતરપિંડીનો ભાંડો ફૂટતા કડાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. હાલ કડાણા પોલીસે ગુનો નોંધી આંતરરાજ્ય ગેંગની દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

હત્યાના પ્રયાસની કલમ ઉમેરવા કલેક્ટર કચેરીએ રજૂઆત

# નડિયાદમાં યુવાન પર હુમલામાં પોલીસની નીતિથી રોષ ભડક્યો

**પોલીસ રાજકીય** દબાણ હેઠળ આરોપીઓને છાવરતી હોવાનો આક્ષેપ



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯

નડિયાદ શહેરમાં ગત ૨૨મી મેના રોજ સરગરા મારવાડી સમાજના એક યુવાન પર થયેલા અત્યંત ઘાતક હુમલાના વિરોધમાં શુક્રવારે સમગ્ર સમાજે કલેક્ટર કચેરી ખાતે એકઠા થઈ ન્યાયની માંગ કરી છે. સમાજના આગેવાનોએ આક્ષેપ કર્યો છે કે પોલીસ તંત્ર રાજકીય દબાણ હેઠળ કામ કરી રહ્યું છે અને કુખ્યાત ‘છરી ગેંગ’ના આરોપીઓને બચાવવા માટે નબળી કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

નડિયાદ પશ્ચિમ પોલીસ મથકની હદમાં આવતા તલાટી બાગ વિસ્તારમાં ૨૨મી મે ૨૦૨૬ની રાત્રે અજય કાંગસિયા અને અર્જુન વણજારા સહિત ચાર શખ્સોએ સરગરા મારવાડી સમાજના યુવાન પર ચપ્પા અને છરા જેવા તીક્ષ્ણ હથિયારોથી હુમલો કર્યો હતો. આ હુમલાખોરોએ યુવાનના શરીર પર પાંચથી છ જેટલા ઘા ઝીંકી તેને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ આવેદનપત્રમાં જણાવાયું છે કે, આ ટોળકી વિસ્તારમાં ‘છરી ગેંગ’ તરીકે કુખ્યાત છે અને નશીલા પદાર્થોના વેચાણ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં પણ સંડોવાયેલી છે.

આ અંગે સમાજના આગેવાનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં પોલીસ દ્વારા નિષ્પક્ષ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે, તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# વીરપુરની મહિલાએ શ્રીલંકામાં આંતરરાષ્ટ્રીય કેક આર્ટ એવોર્ડ જીત્યો

**રસોડાની ચાર** દીવાલોથી શરૂ થયેલી તેમની સફર આજે આંતરરાષ્ટ્રીય મંચ પર પહોંચી

(પ્રતિનિધિ) વીરપુર તા.૨૯

કહેવાય છે કે સપના એમના જ સાચા થાય છે જેમની મહેનતમાં અડગ વિશ્વાસ હોય છે. મહીસાગર જિલ્લાના વીરપુરની હર્ષા ઈસરાનીએ આ ઉક્તિને અક્ષરશઃ સાર્થક કરી બતાવી છે. રસોડાની ચાર દીવાલોથી શરૂ થયેલી તેમની સફર આજે આંતરરાષ્ટ્રીય મંચ પર પહોંચી છે. હર્ષાબેને શ્રીલંકાના વૈશ્વિક મંચ પર વેડિંગ કેક - કેક પેઈન્ટિંગ કેટેગરીમાં ઈન્ટરનેશનલ એવોર્ડ મેળવી અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે.

વીરપુરના હર્ષા ઈસરાનીએ આ સફરની શરૂઆત ૧૦ વર્ષ પહેલાં પોતાના ઘરના એક નાનકડા રસોડામાંથી હોમ-બેકિંગ દ્વારા કરી હતી. તેઓએ શરૂઆતના સમયમાં મર્યાદિત સાધનો અને અનેક સંઘર્ષો હોવા છતાં, તેમણે કલા અને ગુણવત્તા સાથે ક્યારેય બાંધછોડ કરી નહોતી.

દિવસ-રાત જોયા વગરની મહેનત અને અવનવું શીખવાની ધગશને કારણે જ તેઓ આજે સફળતાના સર્વોચ્ચ શિખરે પહોંચી શક્યા છે. નારીશક્તિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ શ્રીલંકાની ધરતી પર તિરંગો લહેરાવી હર્ષાબેને વીરપુર અને સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું છે. તેઓએ ઘરના રસોડામાંથી નીકળીને વૈશ્વિક સ્તરે સન્માન મેળવવાની તેમની આ સિદ્ધિ ગુજરાતની નારીશક્તિના સામર્થ્યનું ઉત્તમ




ઉદાહરણ પૂરું પાડે છે. તેમની આ પ્રેરણાદાયી સફળતા બદલ હાલ તેમના પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225